અપીલ અરજી નં.૨૯૪ તા.૧૮–૧૨ –૧૦
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
સામાવાળાઃ– ઈ.ચા. ડે.કમિ. અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની આઈ ડી નં.૧ તા.૧–૪–૧૦ ની અરજીથી આરોગ્ય ખાતુ તથા નોર્થઝોન કચેરી તથા વોર્ડ કચેરીમાં વર્ગ–૪ કર્મચારી અને અનફીટ થયેલ હોય તેમના આશ્રિતોને રહેમરાહે સને ૧૯૯૯ થી માર્ચ–૨૦૧૦ સુધી નોકરીમાં નિમણુંક આપેલ હોય તેવા આશ્રિત કર્મચારીઓના નામ, કર્મચારીઓની જાતિ અને ઉંમર અંગેના પુરાવાના સર્ટીફીકેટની નકલોની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૮–૧૨–૧૦ ની **SMC/FAP/** નં.૨૯૪/૨૦૧૦–૧૧

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની આઈ ડી નં.૧ તા.૧–૪–૧૦ ની અરજીથી આરોગ્ય ખાતુ તથા નોર્થઝોન કચેરી તથા વોર્ડ કચેરીમાં વર્ગ–૪ કર્મચારી અને અનફીટ થયેલ હોય તેમના આશ્રિતોને રહેમરાહે સને ૧૯૯૯ થી માર્ચ–૨૦૧૦ સુધી નોકરીમાં નિમણુંક આપેલ હોય તેવા આશ્રિત કર્મચારીઓના નામ, કર્મચારીઓની જાતિ અને ઉંમર અંગેના પુરાવાના સર્ટીફીકેટની નકલોની માહિતી આપવા બાબતે નિર્દિષ્ટ સમયગાળામાં તા.૮–૬–૧૦ ના મળેલા પ્રતિભાવમાં અપૂરતી માહિતી આપેલ છે તેવું જણાવી લગભગ દિન–૧૬૪ ના વિલંબથી એપેલેટ ઓફિસરને તા.૧૮–૧૨–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ,આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા સાથે અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ પણ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૦૨ તા.૨૮–૧૨–૧૦ થી ઈ.ચા. ડે.કમિ. અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી તથા અરજદારને લગભગ ૧૬૪ દિવસના વિલંબથી અપીલ અરજી કરેલ છે. જે અંગે કલમ–૧૯(૧) હેઠળ વાજબીપણું રજુ કરવું તથા આરટીઆઈના નિયમ–૬ મુજબ અપીલ અરજી સાથે મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત, જાહેર માહિતી અધિકારી તરફથી મળેલ માહિતી અંગેની વિગતો રજુ કરેલ નથી. વધુમાં જાહેર માહિતી અધિકારી આરોગ્ય તરફથી તેમના પત્ર નં.૧૨ તા.૮–૬–૧૦ થી મોકલેલ માહિતી તેમને મળેલ છે કે કેમ? તે મળ્યા પછી આપને શી વિગતે નારાજગી છે? તે પણ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચડી/આરટીઆઈ/૪૩ તા.૩૧–૧૨–૧૦થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, કતારગામઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/આરટીઆઈ/જાવક/૧૦૬ તા.૬–૪–૧૦ થી પર્સોનલ ઓફિસર આરોગ્ય અને મહેકમને અરજી તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, અરજદારને માહિતી અંગે નાણા ભરવા પાઠવેલ પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/૪ તા.૧૬–૪–૧૦ ના પત્રની નકલ તથા તે અંગેના હયાત પત્ર બાબતે પાઠવેલ પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/૭ તા.૩૦–૪–૧૦ ના પત્રની નકલ તથા રજીસ્ટર એડી.ના પુરાવાની નકલ, અરજદારે રસીદ નં.૩૭૯૭૬૯ તા.૨૯–૪–૧૦ થી નાણા ભર્યા અંગેના રસીદની નકલ તથા જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/૧૨ તા.૮–૬–૧૦ થી અરજદારને આપેલી માહિતી અંગેના પત્રની નકલ તથા આરોગ્ય ખાતાના વર્ગ–૪ ના અનફીટ કર્મચારીઓના એલ.સી. તથા જાતીય પ્રમાણપત્રની નકલો તથા આરટીઆઈ હેઠળ તા.૧–૪–૧૦ તથા તા.૫–૪–૧૦ ની અરજી બાબતે કરેલ અપીલ અંગે થયેલ હુકમની નકલ, સેકશન ઓફિસર મહેકમ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૧૨૨૭ તા.૧૪–૭–૧૦ થી આરોગ્ય મહેકમને આપેલી માહિતી અંગેના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૧–૪–૧૦ ની માહિતી માંગતી અરજી કાર્યપાલક ઈજનેર કતારગામઝોન ખાતે કરવામાં આવેલ. જે અંગે કતારગામઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/આરટીઆઈ/જાવક/૧૦૬ તા.૬–૪–૧૦ થી પર્સોનલ ઓફિસર આરોગ્ય મહેકમ અને પર્સોનલ ઓફિસર આરોગ્ય મધ્યસ્થ મહેકમ તથા મ. જાહેર માહિતી અધિકારી તમામઝોનને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી આરોગ્ય તરફથી પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/૪ તા.૧૬–૪–૧૦ થી અરજદારને માહિતી દસ્તાવેજોની નકલ મેળવવા પાના દીઠ રૂા.૨/– લેખે ૨૪ પાના રૂા.૪૮/– ભરપાઈ કરવા પત્ર પાઠવવામાં આવેલ. તથા પીએચડી/પીઓ/આરટીઆઈ/૭ તા.૩૦–૪–૧૦ થી યાદ પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે રસીદ નં. ૩૭૯૭૬૯ તા.૨૯–૪–૧૦ થી સેન્ટ્રલઝોનમાં ભરપાઈ કરેલ. જે અંગે તેની રસીદ તા.૭–૬–૧૦ ના રોજ રજૂ કરે અને તે જ દિવસે અરજદારે માહિતી મેળવેલ છે.વધુમાં અરજદારે તા.૨૮–૫–૧૦ ના રોજ અપીલ દાખલ કરવાની છેલ્લી તારીખ દર્શાવેલ છે જે અંગે અરજદારે અગાઉ તા.૨૮–૫–૧૦ ના રોજ પ્રથમ અપીલ અરજી કરેલ. જે અંગે અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૪૬૧ તા.૭–૭–૧૦ થી હુકમ કરવામાં આવેલ છે. તેમ છતાં અરજદારે તા.૧૮–૧૨–૧૦ ના ૧૬૪ દિવસના વિલબંથી તે જ બાબતે બીજી અપીલ તેવું કરી અપીલ અરજી કરેલ. જે અંગે અત્રેથી પત્ર ધ્વારા અપીલના વિલંબનું

વાજબીપણું પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૦૨ તા.૨૮–૧૨–૧૦ થી રજૂ કરવા જણાવવામાં આવેલ. તેમ છતાં અરજદારે બીજી અપીલ બાબતે કોઈ વિગતો જણાવેલ નથી. પરંતુ તેમના તા.૭–૧–૧૧ ના પત્રથી અરજદારે કર્મચારી ભાણીબેન ભીખીબેન કર્મ નં.૪૩૧૩ અંગેની આશ્રિત પુત્ર ધનસુખભાઈ કનૈયાલાલ સોલંકી અંગેની ભલામણ કરેલ જણાતી નથી. જેથી અમો અરજદારને અપીલ અરજીથી માહિતી મેળવવાની રહે છે. જેમાં ભાણીબેન ભીખીબેન સાથે અન્યાય કરેલ છે. તેમણે ખોટી રીતે એન્ટર કરવાનો પ્રયાસ કરેલ છે જેથી ભાણીબેનની યોગ્ય કાર્યવાહી અંગેની માહિતી આપશો. તેવી રજૂઆત કરેલ છે. આમ અરજદારે આશ્રિતોની માહિતી બાબતો નહીં પરંતુ ભાણીબેનની આશ્રિત તરીકેની યોગ્ય કાર્યવાહીને લગતી રજૂઆત કરેલ છે. આમ તેમની આ રજૂઆત તકરાર નિવારણને લગતી જણાય છે. માહિતી નહીં મળ્યા અંગેની કોઈ બાબત મુળ અરજીના પરિપ્રેક્ષ્યમાં જણાવેલ નથી. અત્રે એ પણ સૂચક છે કે બીજી અપીલ માટે કાયદાની કલમ–૧૯(૩) હેઠળનું કાર્યક્ષેત્ર ગુજરાત માહિતી આયોગ, સેકટર–૧૮, ગાંધીનગર છે. અરજદારની તે જ તારીખ અને તે જ વિગતે બીજી અપીલ કરેલ છે જે અંગે પ્રથમ અપીલનો નિકાલ અત્રેથી હુકમ નં. આરટીઆઈ સેલ/૪૬૧ તા.૭–૭–૧૦ થી કરેલ છે. જેના સંદર્ભે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૧૩૧૪ તા.૧૭–૭–૧૦ થી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જે બાબતે તેમને નારાજગી હોય તો પ્રથમ અપીલના હુકમના આરટીઆઈ એકટની કલમ–૧૯(૩) હેઠળ દિન–૯૦ માં ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગરને અપીલ કરવાની રહે છે. સદરહુ અરજી બાબતે અત્રેથી પ્રથમ અપીલનો નિકાલ કરેલ હોઈ અપીલ અંગે કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧–૪–૧૦ ની અરજીથી માંગેલ માહિતી બાબતે અરજદારે તા.૨૮–૫–૧૦ ના રોજ પ્રથમ અપીલ કરી તેનો નિકાલ કરવામાં આવેલ હોઈ અત્રેથી તે જ તારીખ અને તે જ અરજી બાબતે કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામા આવે છે. અરજદારની અપીલ તબકકે તકરાર નિવારણને સ્પર્શતી બાબત અંગે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા અરજદાર સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૧

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઈ.ચા. ડે.કમિ. અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી ...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર